## પ્રાંતિજ લીબલા ડેમમાં ૩૫ વર્ષનો યુવાન ડુબ્યો

પ્રાંતિજ તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નો યુવાન લીબલા ડેમ માં ડુબી જતાં બે કલાક ની શોધખોળ બાદ મૃત હાલત માં મળી આવ્યો.

પ્રાંતિજ ઈન્દિરા આવાસ વસાહત ખાતે રહેતા ટીનાભાઈ ચંદુભાઈ વાધેલા ઉંમર વર્ષ અંદાજે ૩૬ કે જેવો કતપુર થી તેમણી વસાવત વચ્ચે આવેલ લીબલા ડેમ માં પાણી ની અંદર થઈ ને વસાહત તરફ જઈ રહ્યાં હતાં તે સમયે ડુબી ગયા હતાં અને વાયુવેગે સમાચાર પ્રસરી જતાં ધટના સ્થળે લોકો ના ટોળી ટોળા સહિત સગાસંબંધીઓ ધટના સ્થળે દોડી આવ્યાં હતાં જયારે સ્થાનિક તરવૈયા દ્વારા શોધખોળ હાથ ધરવામા આવી હતી અને પ્રાંતિજ તથા હિંમતનગર ફાયર ફાયટર ટીમ ને જાણ કરતા તેવો પણ ધટના સ્થળે દોડી આવ્યા હતાં અને શોધખોળ હાથધરી હતી અને બે કલાક ની ભારે જહેમત બાદ ટીનાભાઈ ચંદુભાઈ વાધેલા ને મૃત હાલત માં મળી આવ્યાં હતાં.

# રાજસ્થાનમાં પાંચ કરોડના સોનાના દાગીના સાથે અમદાવાદના ચાર વેપારીઓ ઝડપાયા

## બિલ રજૂ નહિ કરતા સ્થાનિક પોલીસે ૧૭ કિલો સોનાના દાગીના કબજે લઈ આયકર વિભાગને જાણ કરી

મોડાસા, તા.૭

અમદાવાદના ચાર વેપારીઓ પાંચ કરોડ રૂપિયાની કિંમતના





સોનાના દાગીના વેચવા રાજસ્થાનમાં ગયા હતા. જ્યાં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ઈન્ટ્રો કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે એક કાર સાથે ચારેય વ્યક્તિઓની અટકાયત કરી હતી. દરમિયાન સોનાના ૫ કરોડના દગીનાનો મુદ્દામાલ પણ ઝડપી લઈ આ અંગે સેલટેક્ષ અને ઈન્કમટેક્ષના અધિકારીઓને જાણ કરાતાં આ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

અમદાવાદના ચાર વ્યક્તિઓ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લા કોતવાલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ગજેન્દ્રસિંહ રાવને બાતમીદારે આપેલી માહિતી મુજબ ચાર રસ્તા પર ગુજરાત પાસિંગની એક કારને રોકી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન આ કારમાંથી છ મોટા પેકેટોમાંથી ૧૭ કિલો, ૮૦૦ ગ્રામના સોનાના દાગીના ભરેલા બોક્સ પોલીસને મળી આવ્યા હતા.

આ ચાર વ્યાપારીઓ અમદાવાદથી ડુંગરપુર વિસ્તારમાં સોનાના દાગીના વેચવા આવ્યા હોવાનું વેપારીઓ જણાવી રહ્યા હતા પણ તેમના જવાબથી પોલીસને સંતોષ નહિ થતાં પોલીસે વધુ ઉંડી તપાસ કરતા આ અંગેનું કોઈ બિલ હોય તો બતાવવા જણાવતા એક પણ બિલ નહિ હોવાનું જણાવ્યું હતું.


કોઈ પણ ચોક્કસ દસ્તાવેજી પુરાવો નહતો માત્ર કોઈ કંપનીનો ઓથોરિટી પત્ર હતો જેથી ડુંગરપુર કોતવાલી પો.મથકના પોલીસ ઈન્સ્પેકટર ગજેન્દ્રસિંહ રાવ, હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ સહીતની ટીમે આ કાર અને દાગીના જપ્ત કરી અશ્વિનભાઈ પટેલ (અમદાવાદ), મેહુલ વિઠલાણી (આણંદનગર, અમદાવાદ), શાહ જીનેન હરણેશભાઈ, (પાલડી, અમદાવાદ) અને ગણેશ પુનારામ પુરોહિત (શાહપુર, અમદાવાદ) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુમાં ડુંગરપુરના સેલટેક્ષ અને ઈન્કમટેક્ષના અધિકારીઓને જાણ કરી ઘટનાસ્થળે બોલાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં ડુંગરપુર વિભાગ વાણિજ્ય કર અધિકારી અનુજ ભટનાગર દ્વારા હાલ તપાસ ચાલી રહી છે, આ અંગેની તપાસ પુરી થયા પછી જ આ મામલે વધુ વિગતો પ્રાપ્ત થશે તેમ પોલીસે જણાવ્યું હતું.

# મોડાસામાં 'મા અમૃતમ કાર્ડ' કૌભાંડનાં વધુ એક કૌભાંડનો પર્દાફાશ

મોડાસા, તા. ૭

પાણીગેટ પોલીસે કિરીટ અમીનની તપાસ કરતા તેની વેગનઆર કારમાંથી બે જુદા જુદા હોદ્દાવાળી પ્લેટ મળી આવી હતી. જેમાં એક ઉપર મેજીસ્ટ્રેટ અને બીજા ઉપર ડે. મામલતદારનું લખાણ લખેલુ હતુ. ઉપરાંત કિરીટ જાણે સરકારી અધિકારી હોય તે રીતે પોતાની ગાડી ઉપર ગવર્મેન્ટ ઓફ ગુજરાતનું લખાણ લગાવીને ફરતો અને પોતાની પાસે એક બોગસ આઈકાર્ડ પણ રાખતો હોવાની માહિતી મળી છે. જે આ અંગે પ્રિતેશના પરિવાર દ્વારા જણાવામાં આવ્યું હતું કે કિરીટ અમીન મોડાસા ખાતે વર્ષ ૨૦૧૨માં કલેક્ટર કચેરીમાં ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટર પર કમ્પ્યૂટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. જે હાલમાં વાઘોડિયા રોડ પર આવેલી રોયલ ગોલ્ડ સાઈટમાં રહે છે અને પરિણિત મહિલાઓને પોતાની પ્રેમજાળમાં ફસાવી રૂપિયા પડાવાનું કામ કરતો હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.




પુત્રના ભણતર માટે દુબઈથી આવેલી મહિલા પોતાના સાસુ સાથે રહેતી હતી અને તેની પાછળના મકાનમાં રહેતા ઠગબાજના પ્રેમજાળમાં ફસાઈ જતા કંગાલ થઈ ગઈ હતી. તેમજ પ્રેમી પંખીડાઓ પોતાની મોજ માટે ૩ વર્ષના માસુમ બાળકને ઘેનની દવા આપી પોતાની અંગત પળો માણતા હતા. જો કે આ અંગે દુબઈમાં નોકરી કરી રહેલા પતિને શંકા જતા આખરે ગુગલ ડ્રૂઈવ ચેક કરાતા પરણિતા અને તેના પ્રેમીના આડા સંબંધોની ચિહ્નો બહાર આવી જતા આખરે સમગ્ર મામલો ફેમીલી કોર્ટમાં પહોંચ્યો છે.

શહેરના વાઘોડિયા રોડની એક પોશ સોસાયટીમાં રહેતી મેનકા (નામ બદલેલ છે) તેની મકાનની પાછળ રહેતા કિરીટ અમીન જે પોતે ડેપ્યૂટી મામલતદાર અને એક્સ મેજીસ્ટ્રેટ હોવાનુ જણાવી પરણિતાને પોતાની પ્રમ જાળમાં ફસાવી લીધી હતી.

દુબઈથી આવેલી સરલા ઠગબાજ કિરીટના પ્રેમમાં એટલી અંધ થઈ કે તેને દુબઈમાં રહેતા તેના પતિ પ્રિતેશ (નામ બદલેલ છે) સાથે ફોન અને વોટ્સઅપ પર રાત્રે ૯ વાગ્યા પછી વાત કરવાનું બંધ કરી દીધુ અને બીજી તરફ આખી આખી રાત કિરીટ સાથે ફોન પર વાત કરતી હતી. કિરીટ અને સરલાના સંબંધો બેડરૂમ સુધી પહોંચી ગયા હતા. એક સમયે તો તેમણે હોટલમાં ભાડે રૂમ રાખવાનું શરૂ કરી દીધુ. જો કે સરલાનો માસુમ પુત્ર પ્રેમી પંખીડાઓની હરકતો ન જોઈ જાય તે માટે સરલા તેને પોતાના જ હાથે ઘેનની દવા આપતી હોવાનો ઘટસ્ફોટ દુબઈમાં રહેતા સરલાના પતિના પરિવારે કર્યો હતો.

સરલા અને કિરીટ જ્યારે પણ શારિરિક સંબંધો બાંધતા ત્યારે સરલાના મોબાઈલ ફોનમાં તેની કલીપીંગ અને ફોટા પાડતી હતી. જો કે આ અંગેની જાણ દુબઈ ખાતે રહેતા પ્રિતેશ અને તેના પરિવારને થઈ હતી. સરલા અને કિરીટ વચ્ચેના સંબંધોનો પર્દાફાશ કરવા માટે, પ્રિતેશ સરલાને દુબઈથી ઈન્ડિયા આવતી વખતે જે સ્માર્ટ ફોન આપ્યો હતો, તેમાં ગુગલ ઈમેલ આઈડી નાખ્યુ હતુ. જેથી મોબાઈલ ફોનનો સમગ્ર ડેટા ગુગલ ડ્રાઈવમાં સેવ થતો હતો. પ્રિતેશે ગુગલ ડ્રાઈવ ચેક કરતા સરલા અને કિરીટના નગ્ન ફોટા અને વીડિયો જોઈ તેની આંખો ચાર થઈ ગઈ હતી.



## ધનસુરામાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કર કર્મચારીઓ દ્વારા આવેદનપત્ર

જાહેર આરોગ્ય હેઠળના પાયાના કર્મચારીઓ એવા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર વર્ગ-૩ સંસર્ગ મહાસંઘ સુચિત ધ્વારા સંદર્ભ-૧ અન્વયે મ.પ.હે.વ (પુ) સંવર્ગની પગારધોરણ કર્મચારીઓને (છઠ્ઠા પગારપંચ મુજબ) ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ આપવામાં આવતુ નથી એવી માગણી અને આ પગાર વિસંગતતા દૂર કરવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આ સેવા વર્ગ-૩ ની આવશ્યક અને તાત્કાલિક હોવાથી પ્રમોશન બઢતીની તક પણ મર્યાદલિત હોવાથી પ્રાથમિક શિક્ષકની જેમ પગાર ધોરણ ૯ વર્ષે, ૨૦ વર્ષે અને ૩૧ વર્ષે આપવાની માઝણી કરાઈ હતી. આરોગ્યલક્ષી કાર્યક્રમોમા સહકાર મળી રહે તથા સંવર્ગનુ સ્વમાન જળવાઈ રહે એ માટે અને આરોગ્ય શિક્ષણની મુખ્ય કામગીરી હોવાથી સંવર્ગનુ નામ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની જગ્યાએ મલ્ટી પરપઝ હેલ્થ એજ્યુકેટર રાખવાની માગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

# જીએસટી અનિશ્ચિતતાનાં કારણે ડ્રીપ નહીં મળતાં ખેડૂતોને વીજ જોડાણ નહીં આપતી ભાજપ સરકાર

## ભાજપ સરકારે ખેડૂત વિરોધી નીતિ બંધ કરી ડ્રીપ અને નવાં વીજ જોડાણ તાત્કાલિક આપવા જોઈએ : ડો. હિમાંશુ પટેલ

ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિ માટે પ્રોત્સાહન આપવાના બદલે ભાજપ સરકારે કૂટનીતિ અપનાવતા જીએસટીની ટકીવારીની અનિશ્ચિતતાનાં કારણે ડ્રીપ નહીં મેળવી શકતા ખેડૂતોને વીજ જોડાણથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ડ્રીપ ઈરીગેશન (ટપક સિંચાઈ પદ્ધતિ) માટે વપરાતાં ડ્રીપમાં જીએસટી લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ વિવિધ કંપનીઓ દ્વારા જીએસટીની ટકાવારી પ્રમાણે હજુ સુધી નવાં દર નિયત થયાં નહીં હોવાથી ખેડૂતોને નવા ડ્રીપ આપવા તૈયાર નથી. પરિણામે મોટા ભાગના ખેડૂતો આ ડ્રીપ વગર અત્યારે લાચાર પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. કારણ કે, ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિ મુજબ જો ડ્રીપ હોય તો જ ખેતી માટે નવું વીજ જોડાણ આપવામાં આવે છે.

તેમણે આક્ષેપ કર્યો છે કે ભાજપ સરકારના બદઈરાદાથી જ ડ્રીપમાં જીએસટી માટે આજ દીન સુધી અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. જેમાં કંપનીઓ ખેડૂતોને ડ્રીપ આપે નહીં એટલે ખેડૂતોને નવાં વીજ જોડાણ આપવાની માથાકૂટ આપોઆપ રહે જ નહીં! ભાજપ દ્વારા ખેડૂતો માટે જરૂરી સિંચાઈ કે વિજળીની સુવિધા હજુ સુધી ઉપલબ્ધ કરવામાં આવી નથી. આ ઉપરાંત અત્યાર સુધી ગુજરાતમાં જ ભાજપ સરકાર દ્વારા ખાતર ઉપર પણ વેટ લઈ ઉઘાડી લૂંટ ચલાવવામાં આવતી હતી. તો યુરિયા અને ડીએપી ખાતરનું ગુજરાતમાં જ ઉત્પાદન થતું હોવાથી ટ્રાન્સપોર્ટ સહિતના ઓછાં ખર્ચના કારણે ભાવ ઓછો હોવો જોઈએ તેના બદલે ગુજરાતમાં ખાતરના વધારે ભાવ લઈ ખેડૂતોને આર્થિક રીતે બરબાદ કરવામાં આવી રહ્યા છે. પરિણામે ૧૨૦ ટકા જેટલો ભારે વરસાદ થવા છતાં રાજયમાં ખરીફ પાકના વાવેતરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ સંજોગોમાં ડ્રીપ ઉપર જીએસટી રદ કરવા જોઈએ તેમજ ડ્રીપ વિના પણ ખેડૂતોને નવા વિજ જોડાણ તાત્કાલિક આપવા તેમણે માંગણી કરી છે.



પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા. ૩૧ ઓગષ્ટથી થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પૂનમના મહામેળાના સમાપન પ્રસંગે ગુજ. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવના હસ્તે અંબાજી મેળા દરમ્યાન રસ્તાઓ ઉપર કરવામાં આવેલ વિવિધ સેવા કેમ્પના આયોજકો, દાતાઓ અને વહીવટીતંત્રના અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં ઉપાધ્યક્ષે જણાવ્યું હતુ કે અંબાજી મંદિર કરોડો લોકોની શ્રધ્ધાનું પરમ પવિત્ર તીર્થસ્થાન છે. તેમણે કહ્યુ કે લોકોને માતાજી ઉપર અપાર શ્રધ્ધા અને ભક્તિભાવ હોવાથી લાખો માઈભક્તો દુરદુરથી ચાલતા અંબાજી આવે છે. તેમણે મેળામાં યાત્રિકો માટે કરવામાં આવેલ વિવિધ સેવા કેમ્પોની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની સેવાકીય પ્રવૃત્તિ બહુ જ પ્રશંસનીય રહી છે.

### બ્લાસ્ટ કેસમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોર્ટુગલના કાયદા મુજબ આજીવન કારાવાસનો મતલબ ૨૫ વર્ષ છે અને આવી સ્થિતિમાં તેને જેલમાં બીજા ૧૩ વર્ષ ગાળવા પડશે. મુંબઈમાં ૧૨ બોંબ બ્લાસ્ટની ઘટનાના ૨૪ વર્ષ બાદ ૧૬મી જુન ૨૦૧૭ના દિવસે ખાસ ટાડા અદાલતે આ મામલામાં પોતાનો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદામાં ટાડા કોર્ટે ગેંગસ્ટર અબુ સાલેમ અને મુસ્તફા દોશા સહિત તમામ છને અપરાધી જાહેર કર્યા હતા. આરોપીઓની બીજી બેચના મામલામાં સુનાવણી ચાલી રહી હતી. જે આરોપીઓને દોષિત જાહેર કરવામાં આવ્યા હતા તેમાં અબુ સાલેમ, મુસ્તફા દોસા, કરીમુલ્લા શેખ, રિયાઝ સિદીકી, તાહિર મર્ચન્ટ અને ફિરોઝ ખાનનો સમાવેશ થાય છે. જ્યારે અબ્દુલ કઈમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. પર્સનલ બોન્ડના આધાર પર તેને છોડી મુકવાનો આદેશ કરાયો હતો. અગાઉ કોર્ટે કબૂલાત કરી હતી કે, તેમની સામે પ્રોસીક્યુશન કાવતરાના આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ છે. અબુ સાલેમને કાવતરા, ત્રાસવાદી ગતિવિધિ સહિત અનેક મામલામાં દોષિત જાહેર કરાયો હતો. અબુ સાલેમ ઉપર એવો આક્ષેપ છે કે, બોંબ કાંડને અંજામ આપવા માટે હથિયારોનો જથ્થો મેળવીને યોગ્ય સ્થળો સુધી પહોંચાડવામાં તેને ભૂમિકા ભજવી હતી જ્યારે દોસા ઉપર મર્ડર કેસ, વિસ્ફોટક કેસ, અપરાધિક કાવતરા અને આતંકવાદી ગતિવિધિના મામલા સાબિત થયા હતા. દોસાને દાઉદના નજીકી તરીકે ગણાવામાં આવે છે. તેનો ભાઈ મોહમ્મદ દોસા હાલ ફરાર છે. ફિરોઝ ખાનને કાવતરા, હત્યાની કલમો ઉપરાંત એક્સપ્લોસીવના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આ અગાઉ બ્લાસ્ટના કેસમાં શરૂઆતી ૧૨૩ અપરાધીઓમાં ટ્રાયલ ૨૦૦૬માં ખતમ થઈ હતી જેમાં ૧૦૦ લોકોને સજા ફટકરાવામાં આવી હતી. સજા મેળવનારમાં અભિનેતા સંજય દત્ત પણ હતો.

### હિંસા ભડકાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર દરોડા પાડી રહી છે. એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે, હિંસાનું સમર્થન કરનાર કેટલાક અન્ય લોકો પોલીસની બાજ નજર હેઠળ છે. તેમને ટુંક સમયમાં જ પુછપરછ માટે બોલાવવામાં આવશે. સાધવીઓ ઉપર રેપના મામલામાં રામ રહીમની સામે ચુકાદો આવ્યા બાદ ૨૩મી ઓગસ્ટથી સમર્થકો એકત્રિત થયા હતા. ૨૪મી ઓગસ્ટના દિવસે વ્યાપક હિંસા થઈ હતી જેમાં પંચકુલામાં ૩૨ના મોત થયા હતા.

### સેનાની ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપનાર આઠ સૈનિકોને ગુરૂવારના દિવસે નોર્ધર્ન કમાન્ડમાં શૌર્ય ચક્ર અને સેના મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. એલઓસીના પેલે પાર રહેલી સ્થિતી પર વાત કરતા તેમણે કહ્યુ હતુ કે કાશ્મીર ખીણ અને જમ્મુમાં ઘુસણખોરીના કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા છે. જો કે ઘુસણખોરીના તમામ પ્રયાસોને નિષ્ફળ કરી દેવામાં આવ્યા છે. આ પ્રકારની ઘટનાની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે. ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવાના તમામ પ્રયાસ થઈ રહ્યા છે તેવી ખાતરી આપતા જનરલે કહ્યુ હતુ કે લેહમાં સ્થિતી સંપૂર્ણપમે કાબુમાં છે. વિવાદને ઉકેલી લેવામાં સફળતા મળી ચુકી છે. તેમણે વધુ માહિતી આપતા કહ્યુ હતુ કે ઈસ્ટ લડાખને લઈને ચર્ચા કરવા માટે એક હોટલાઈન સ્થાપિત કરવામાં આવી ચુકી છે. બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જેથી ડોકલામ જેવા વિવાદ હવે સર્જાશે નહી. ટોપ આર્મી ઓફિસરના નિવેદન બાદ એક બાબત સ્પષ્ટ છે કે ભારત સુરક્ષાના મામલે બિલકુલ સાવધાન અને કઠોર રીતે આગળ વધવા માટે તૈયાર છે.

### ઈનામ અપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેવાં નામોથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ ગેમની લિંક મોકલવામાં આવશે તો મોકલનાર પર આત્મહત્યા માટેની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થઈ શકે છે. સુરત, બરોડા, રાજકોટમાં રોજ ૧૦થી ૧૦૦ લોકો આ ગેમ સર્ચ કરે છે જ્યારે અમદાવાદમાં સર્ચ કરતાં લોકોની સખ્યાં ૧૦થી ૫૦ વચ્ચે છે. બ્લૂ વ્હેલ ગેમની ક્લિક પર એડ માટે ૧૧થી ૧૭ રૂપિયાનો ભાવ અપાય છે. ગુગલે રજૂ કરેલા ૨૭ દિવસના ટ્રેન્ડમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

ગુજરાતમાં ગુગલ પર થયેલા ૩ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધીના સર્ચના ટ્રેન્ડમાં સુરત પ્રથમ, બરોડા બીજા અને અમદાવાદ ત્રીજા ક્રમે છે. ૩ ઓગસ્ટે સૌથી વધુ વખત ગેમ અંગે સર્ચ કરાયુ હતુ.ભારતમાં ગેમ અંગે સર્ચમાં ગુજરાત ૨૬મા ક્રમે જ્યારે મણિપુર સૌથી પ્રથમ ક્રમે છે. જિલ્લા કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કરી જણાવ્યું છે કે જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર એવી કોઈ પણ બ્લૂ વ્હેલ ગેમ કે બ્લૂ વ્હેલ ચેલેન્જ નામની ગેમ મારફતે ક્યુરેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમમાં ભાગ લેવા કે તેમાં મદદરૂપ થવા પર પ્રતિબંધ કરવામાં આવે છે. આ પ્રકારની ગેમ કોઈ રમતું કે ડાઉનલોડ કરતું કે આવી ગેમમાં ભાગ લેતું જણાય તો તે ગુનાને પાત્ર રહેશે. જેથી તેની પર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આ ગેમ કોઈ રીતે ડાઉનલોડ કરી શકાય તેમ નથી. આ ગેમ એક વ્યક્તિ બીજાને લિંકથી મોકલે ત્યાર પછી જ તે રમી શકાય છે. એટલે જેના દ્વારા લિંક મોકલાઈ તો તેના પર જ દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી શકાય છે. આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાશે. એટલે આ ગેમની લિંક મોકલનાર પર નજર રાખી શકાય છે.

### સ્વાઈન ફ્લુ પોઝીટીવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળ્યા હોવાથી તંત્રએ આ સેક્ટરમાં સર્વેલન્સને સઘન બનાવ્યું છે.

આ ઉપરાંત સે. ૮માંથી એક ૧૮ વર્ષીય કિશોરીને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં બન્ને દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં નોંધાયેલા કેસ પૈકી ૩૪ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૫ દર્દી હાલ સારવાર હેઠળ છે જે પૈકી એક દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ સ્વાઈન ફ્લુનો નોંધાયો નથી.

### કેમેરા લાગશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે **Safe & Secure Gujarat** પ્રોજેક્ટ હેઠળ રાજ્યના ૩૪ શહેરો- જિલ્લા મથકોએ અને ૦૬ ધાર્મિક સ્થળો એમ કુલ ૪૦ શહેરોને **CCTV** સુવિધાથી સજ્જ કરવાનો રાજ્ય સરકારે પ્રજા સુરક્ષાલક્ષી નિર્ણય કર્યો છે.

મંત્રીએ ઉમેર્યુ હતું કે આ સમગ્ર પ્રોજેક્ટ સમયબદ્ધ રીતે આગામી ટુંક સમયમાં પૂર્ણ કરાશે. આ અંગેનો **POC (Proof of Concept),** ૫ જિલ્લા મથકોએ આગામી એક મહિનામાં પુર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં કુલ ૭,૪૬૩ કેમેરા લગાવવામાં આવશે, જેમાં ૪,૧૬૧ ફિક્સ કેમેરા, ૨૦૦૫ **ANPR (Automatic Number Plate Recognization** કેમેરા, ૧૨૫ **RLVD (Red Light Vio- lation Detection** કેમેરા, ૧૧૭૨ **PTZ (pAN tION zOOM** કેમેરા લગાવવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટનું મુખ્ય જમા પાસુ એ છે કે આ કેમેરા સર્વેલન્સ અને ટ્રાફીક સંચાલનનો મુખ્ય હેતુ સિદ્ધ કરવા માટે લગાવવામાં આવી રહ્યાં છે. આથી અગત્યના સ્થળોએ દરેક લેન દીઠ એક કેમેરા રહેશે, જેથી વાહનો ઓળખવામાં ઘણી સરળતા રહેશે. જેને લઈને લાંબા ગાળે ટ્રાફીકમાં શિસ્ત આવશે, અકસ્માતોનું પ્રમાણ ઘટશે અને ટ્રાફીક નિયમન સરળતાથી થઈ શકશે.

### મહા સંમેલન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમના સમુદાયને ખાસ કરીને યુવાનો, ગરીબો, ખેડૂતો અને મહિલાઓને મજબૂત બનાવવા અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે રાજકારણમાં જોડાવા ઈચ્છે છે. તેમણે ઉમેર્યુ કે, તેઓ સમાજના તમામ નબળા વર્ગ માટે લડી રહ્યા છે. તેઓ રાજકારણમાં સમાજના કલ્યાણ માટે આવવા માંગે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આગામી વિધાનસભા ચૂંટણીને લઈ રાજયની કુલ ૧૮૨ વિધાનસભા બેઠકો પૈકી ૧૦૮ બેઠકો પર બુથ મેનેજમેન્ટ પ્રક્રિયા તેમણે હાથ ધરી છે અને આ વખતે તેઓ લોકોની સરકાર બનાવવા ઈચ્છે છે. તા. ૨જી ઓકટોબરના કાર્યક્રમમાં તેઓ તેમનું રાજકીય વલણ સ્પષ્ટ કરશે.

### તડમાર તૈયારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવાના છે.જે પ્રમાણે કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ છે તેમા ૧૩મી સપ્ટેંબરના રોજ આ બંને મહાનુભવોનુ અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થવાની સાથે જ એરપોર્ટ ઉપર ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામા આવશે.બંને મહાનુભવોના સ્વાગત બાદ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટથી સાબરમતી ખાતે આવેલા ગાંધીઆશ્રમ સુધી ભવ્ય રોડ શોનુ આયોજન કરવામા આવ્યુ છે.આ ઉપરાંત આ બંને મહાનુભવો અમદાવાદ શહેરની મધ્યમા આવેલી સીદી સૈયદની જાળી સહિતના અન્ય કેટલાક સ્મારકોની મુલાકાત પણ લેશે.દરમિયાન લાલ દરવાજા વિસ્તારમા આવેલી હોટલ અગાશીયે ખાતે પણ થોડો સમય રોકાણ કરશે.આજ દિવસે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ગુજરાત શોનુ પણ આયોજન કરવામા આવ્યુ છે જેમા પણ આ બંને મહાનુભવો હાજરી આપશે.

### નઝારો બદલાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિત ૯૦ હજાર ચો મી એરિયામાં બગીચાને અનુલક્ષી સોફ્ટ સ્કેપીંગનુ કામ હાથ ધરાશે. જયારે ૨૦ હજાર ચો મી વિસ્તારમાં સિવિલ કામ કરવામાં આવશે. હાલ ઉદ્યાનમાં ૨ હજારથી વધુ વૃક્ષો છે. જે વૃક્ષો કાપ્યા વિના બગીચાની કાયાપલટ કરવામાં આવશે. જયારે નવિન વોક વે પણ પેવર બ્લોકથી બનાવાશે. બાળકો માટે રમત ગમતના નવા સાધનો મુકી ચિલ્ડ્રન પ્લે એરિયાનુ નિર્માણ કરાશે. આ ઉપરાંત યુવાનો માટે કસરતના સાધનો પણ મુકાશે. જયારે ૧૫૦૦ મીટરના એરિયામાં જોગીંગ ટ્રેક પણ બનાવાશે. જયારે પાર્કમાં સહેલાણીઓ માટે આર ઓ વોટર પ્લાન્ટ તેમજ વોટર કુલર સહીત ટોઈલેટ બ્લોકનુ પણ નિર્માણ કરાશે. જયારે સરીતા ઉદ્યાનમાં અલગ અલગ જગ્યાએ પબ્લીક પેવેલીયન ગજીબા તૈયાર કરાશે જેમાં યોગ્ય બેઠક વ્યવસ્થા પણ ગોઠવાશે. સિનિયર સિટિઝન માટે સિન્થેટીક ટ્રેક તૈયાર કરાશે. જયારે ગાર્ડનની મધ્યમાં વોટર બોડી તેમજ વોટર ચેનલ તૈયાર કરાશે. બગીચાની ફરતે નવીન પ્રકારની સુશોભિત કમ્પાઉન્ડ વોલ બનાવાશે. ઈલેક્ટ્રીક તેમજ ડ્રેનેજ સિસ્ટમનુ પણ કામ હાથ ધરાશે. ઉદ્યાનમાં હાલ હયાત વૃક્ષોને સલામત રાખી નવુ પ્લાન્ટેશન પણ કરવામાં આવશે. વધુમાં ઉદ્યાનને સ્વચ્છ રાખવા નવા ડસ્ટબીન મુકાશે. જયારે સહેલાણીઓની બેઠક માટે નવા બાકડા પણ મુકાશે. આ ઉપરાંત મુખ્ય ગેટ બહાર પાર્કીંગની સુવિધાને પણ અપગ્રેડ કરવામાં આવશે. સરીતા ઉદ્યાનની કાયાપલટ કરવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોટુ હતુ અને આજે પણ ખોટું છે... અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય આપણા બંધારણની દેન છે કોઈ ઉપકાર નથી..! બંધારણીય હક્ક સૌને છે... અને હોવો જ જોઈએ..."

"સારૂ લાગ્યું..! તમે '૭૫નું પણ સ્વીકાર્યુ અને આજનું પણ..!! વિરોધી ટીકાઓ સાંભળવાની ક્ષમતા પ્રત્યેક શાસકે કેળવવી જોઈએ અને એ જ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે... ચોથી જાગીર જેટલી મજબુત અને સ્વંતત્ર, એટલી આપણી લોકશાહી મજબુત..!!"

- નિમિત્ત માત્ર